# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૨૪ | ૨૩ ઓક્ટોબર, ૨૦૧૨, મંગળવાર; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મેયર અને પ્રદેશ કોંગ્રેસ બંને અવઢવમાં

## મેયરના ભાજપ પ્રવેશ માટે શરતો લાદવામાં આવી હોવાની ચર્ચાએ પકડેલું જોર : મેયર મુદ્દે પ્રદેશ પ્રમુખ પણ થોભો અને રાહ જુઓ કહે છે

ગાંધીનગર, તા.૨૨

પ્રદેશ નેતાગીરીને



વિવાદાસ્પદ પત્રો લખનાર મેયર

શ્રી મહેન્દ્રસિંહ રાણા કાઉન્સીલરોએ મુખ ફેરવી લેતાં



એકલા અટૂલા પડી ગયા બાદ હવે શું કરવું તેની અવઢવમાં છે તો પ્રદેશ નેતાગીરી પણ પગલાં લેવાના મુદ્દે હજુ સુધી પોતાનું વલણ સ્પષ્ટ કરવાનું ટાળી રહેલ છે.

ગાંધીનગરના રાજકીય વર્તુળોમાં ચાલતી વાતો મુજબ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાને ભાજપમાં પ્રવેશ આપવાના મુદ્દે કેટલીક શરતો પ્રદેશના એકમ દ્વારા રજૂ થઈ છે. તો બીજી તરફ મેયર પણ કોંગ્રેસના નેતાઓનું આંતરિક દબાણ વધ્યું છે. એટલે તેઓ શું કરવું તે અંગે સ્પષ્ટ કઈ જ બોલવાનું ટાળી રહ્યા છે.

બીજી તરફ પ્રદેશ નેતાગીરી પણ ગાંધીનગરના રાજકીય વિવાદને ટાળવા માટે જવાબો આપવાનું ટાળી રહેલ છે. આજે પ્રદેશ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે, થોભો અને રાહ જુઓ, ૨૪ કલાકમાં સમય પ્રમાણે જવાબો બધાને યોગ્ય રીતે મળી જશે. હાલ હું આ મુદ્દે વધુ કંઈ કહેવા માગતો નથી.

ગાંધીનગર શહેરના રાજકારણમાં વ્યાપેલી ગરમીને જોતાં હવે નવરાત્રિ બાદ જ રાજકીય સમીકરણો કેવા પલટાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

પ્રદેશ એકમનું મૌન અને મેયરનું મૌન જોતાં આ મામલે એકાદ સપ્તાહમાં થાળે પડે તેવી શક્યતાઓ પણ નકારાતી નથી. મેયરે પક્ષ જરૂર પડ્યે છોડવાની વાત કરી. વ્યક્તિગત વિકલ્પ ખુલ્લો રાખ્યો હોવાનું પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

એક એવી પણ વાત છે કે આ માત્ર પ્રેશરની રાજનીતિનો ભાગ હોઈ શકે અને એટલે જ બંને બાજુએથી કોઈ સ્પષ્ટ નિર્દેશો આપવાનું ટાળવામાં આવી રહ્યું છે.

દરમિયાન મેયરના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેઓ કોઈ રાજકીય નિર્ણય લેવાની ઉતાવળ કરવાના મૂડમાં નથી. આમ બંને પક્ષો થોભો અને રાહ જુઓની નીતિ અખત્યાર કરી રહ્યા છે.



ખેલ ખેલ રે ભવાની મા... જય જય અંબે મા... નવરાત્રિના સાતમા નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબામાં યૌવન હિલોળે ચડ્યું હતું... સાક્ષાત મા-જગદંબા ગરબે ઘુમવા આવ્યા હોય એમ યુવા ખેલૈયાઓ ઘુમ્યા હતા... (તસવીર : દિપક જાની)

# ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની ૨૮મીએ મળનારી બેઠક

## જિલ્લા નિરીક્ષકો સંભવીત ઉમેદવારોના નામો સાથેનો અહેવાલ સુપરત કરશે : દિવાળી બાદ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી અંગે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો ૨૮મીથી મેરેથોન બેઠકનો દોર હાથ ધરવામાં આવનાર છે.

વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ જતાં ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સંભવીત ઉમેદવારોના નામોનો અભિપ્રાય મેળવવા માટે જિલ્લામાં નિરીક્ષકોની ટીમો મોકલી આપવામાં આવી છે.

છેલ્લા બે દિવસથી ૧૮૨ બેઠકોના સંભવીત ઉમેદવારોના નામો અંગે અભિપ્રાય મેળવવા નિરીક્ષકો દ્વારા સ્થાનિક કાર્યકરો સમાજના આગેવાનો અને ટીકીટના દાવેદારોની રજૂઆતો સાંભળવામાં આવી રહી છે.

જિલ્લા નિરીક્ષકો દ્વારા ૨૪મી સુધીમાં કાર્યકરોને સાંભળવા માટેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ મળેલ રજુઆતોને ધ્યાને રાખીને સંભવીત ઉમેદવારોના મળેલ નામો અંગેની યાદી સાથેનો પોતાના અહેવાલ તૈયાર કરીને પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડને સુપરત કરશે.

આગામી ૨૮મી ઓક્ટોબરના રોજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીની

● અનુસંધાન પાન-૫ પર

# કામદાર, લારી-ગલ્લા, ફેરિયાઓ માટે ઉત્કર્ષ યોજનાઓ બનાવાશે

## પ્રજા વિકાસ દર્શન-૧૨ હેઠળ કોંગ્રેસે ૧૧મા મુદ્દાની જાહેરાત કરી : અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કલ્યાણ બોર્ડ : તમામને વિમા સુરક્ષા કવચ ભરતીમાં કોન્ટ્રાક્ટ પ્રથા બંધ થશે : સમાન કામ સમાન વેતનનો અમલ થશે

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસે આજે ગુજરાત પ્રજા વિકાસ દર્શન-૨૦૧૨ અંતર્ગત ૧૧મા મુદ્દાની જાહેરાત કરી છે. જેમાં કોંગ્રેસ જો સત્તા પર આવશે તો રાજ્યના સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રના કામદારો, લારી-ગલ્લા, પાથરણવાળાઓ, ફેરિયાઓ અને રિક્ષાચાલકો વગેરે ઉત્કર્ષ માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકાશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને ચૂંટણી કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ સંયુક્ત પત્રકાર પરિષદને માહિતી આપતા જણાવ્યું હતું કે, ૨૦૧૨ની ચૂંટણીમાં કોંગ્રેસ જો સત્તા પર આવશે તો અસંગઠિત ક્ષેત્રના કામદારો માટેનું કલ્યાણ બોર્ડ બનાવશે. લારી-ગલ્લા, ફેરિયાઓ, રિક્ષાચાલકો તમામને સામૂહિક વિમા યોજના હેઠળ આવરી લેવાશે. અને તમામને ઓળખકાર્ડ અપાશે. લારી-ગલ્લા પાથરણવાળા, ફેરિયાઓને વ્યવસાય કરવા માટે દરેક વિસ્તારમાં એક ખાસ ઝોન બનાવાશે. તેમની કનડગત ન થાય તે માટે કાનુની સુરક્ષા અપાશે. સંગઠિત ક્ષેત્રના કામદારો માટે લઘુત્તમ વેતન વધારવામાં આવશે. કામદારોના કેસોના ઝડપી

● અનુસંધાન પાન-૫ પર


# ચૂંટણી આચારસંહિતા અમલી બનતા બઢતી પ્રક્રિયાઓ વિલંબમાં પડી

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ જતાં આચારસંહિતા અમલી બનતા બઢતી અને બદલીની પ્રક્રિયા થંભી જવા પામી છે. સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના ૨૫ જેટલા અધિક કલેક્ટર કક્ષાના અધિકારીઓને સંયુક્ત સચિવ તરીકે બઢતી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે કોઈ વહીવટી કારણોસર આ ફાઈલને વિભાગમાં પરત કરી દેવાતા બઢતીની પ્રક્રિયા વિલંબમાં પડતા અધિકારીઓમાં નારાજગી ઉઠવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ઉપરાંત નાયબ કલેક્ટર કક્ષાના ૪૫ જેટલા અધિકારીઓને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની મળેલી બેઠકમાં બઢતી માટેની પસંદગી યાદી તૈયાર કરીને ગુજરાત જાહેર સેવા આયોગને મંજૂરી અર્થે મોકલી આપવામાં આવી છે.

આજ રીતે પોલીસદળમાં પી.આઈ. કક્ષાના ૩૦ જેટલા અધિકારીઓને નાયબ પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવા ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટીએ પસંદગીયાદી તૈયાર કરીને ગુજરાત જાહેર સેવા આયોગને મંજુરી અર્થે મોકલી આપવામાં આવી છે. પરંતુ આ બન્ને ફાઈલોને ગુજરાત જાહેર સેવા આયોગ હજુ સુધી ક્લીયર નહીં કરતાં બઢતીની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે. અને એ ચૂંટણી આચારસંહિતા અમલી બનતાં જો અધિકારીઓને બઢતી આપીને બદલી કરવી હોય તો ચૂંટણી પંચની રાજ્ય સરકારે મંજુરી મેળવવી પડશે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ

ખાદી ગ્રામોદ્યોગ ભવન

પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩

સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦



